કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–એ(ઉધના)

**સુરત મહાનગરપાલિકા,**
**સાઉથ ઝોન–એ (ઉધના)**
સત્યનગરની સામે, ઉધના, સુરત
☎ ૨૨૭૭૦૪૩,૨૨૭૮૪૨૯

# પત્ર

સા.ઝોન–એ/ટેક/નં.૩૬૪૧
તા.૧૦/૦૭/૨૦૨૫

પ્રતિ,
.........................,
..........................

વિષયઃ– સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના) પાર્ટ–૨ વિસ્તારમાં સ્થાપિત કાકતીયા એનર્જી સિસ્ટમ પ્રા. લી મેઈકના CCMS ના SIM કાર્ડ, વેબ સર્વિસ અને તેને રીલેટેડ IT સર્વિસીસની એક વર્ષ માટેની કામગીરી કરવા અર્થે સંમતિપત્ર આપવા બાબત.(બીજો પ્રયાસ).

સંદર્ભઃ– (૧) મા. ડે. મ્યુ. કમિશ્નરશ્રીની તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજની મંજુરી
(૨) લાઈટ એન્ડ ઈઈસી વિભાગનો પત્ર નં. Light & EEC/Out/No. 144, Dt.05/05/2025.

મહાશય,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સાઉથ ઝોન–એ(ઉધના) પાર્ટ–૨ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ સીસ્ટમ માટે સ્થાપિત કાકતીયા એનર્જી સિસ્ટમ પ્રા. લી મેઈકના CCMS ના SIM કાર્ડ, વેબ સર્વિસ અને તેને રીલેટેડ IT સર્વિસીસ વિગેરેની નીચે જણાવ્યા મુજબની કામગીરી એક વર્ષ માટે સંદર્ભ–૨ હેઠળના પત્રમાં જણાવેલ ભાવો રૂા.૧૭૩.૦૦(જી.એસ.ટી. સિવાય) પ્રતિ CCMS પ્રતિ માસ મુજબ કરવા આપ સંમત હોવ, તો આપનું સંમતિપત્ર તા.૧૭/૦૭/૨૦૨૫ સુધીમાં મળી રહે તે રીતે સાઉથ ઝોન–એ(ઉધના) ખાતે નીચે સહી કરનારને મોકલી આપવાનું રહેશે. સમયમર્યાદા બાદ આવેલ સંમતિપત્રોને ધ્યાને લેવામાં આવશે નહી.

| South Zone-A(Udhna) Part-2 | | | | | |
|---|---|---|---|---|---|
| **Light Department** | | | | | |
| **Sr. No.** | **Iteam** | **CCMS Qty** | **Rate in Rs. (Without GST)** | **Month** | **Total Amount (Without GST)** |
| 1 | CCMS Sim Card, Web Service & IT related service for the first year | 183 | ₹173.00 | 12 | ₹3,79,908.00 |
| 2 | CCMS installed in future for the first year | 12 | ₹173.00 | 12 | ₹24,912.00 |
| Total Amount for One year in Rs. (Without GST) | | | | | **₹4,04,820.00** |

નોંધ– (૧) આ કામે ૨.૦% સિક્યુરીટી ડીપોઝીટ જમા કરવાની રહેશે તથા નિયમોનુસાર જરૂરી એગ્રીમેન્ટની કાર્યવાહી કરવાની રહેશે.
(૨) સદર કામે કેન્દ્ર, રાજય સરકાર તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થાના નિયમો ઈજારદારને બંધનકર્તા રહેશે.
(૩) સદર પ્રકારની કામગીરી સંતોષકારકરીતે પૂર્ણ કર્યાના પુરાવા આ સંમતિપત્ર સાથે રજુ કરવાના રહેશે.
(૪) આ કામે OEM સ્વયં ભાગ લઈ શકશે અથવા OEM ધ્વારા આ કામે આફટર સેલ્સ સર્વિસ સપોર્ટ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય તેવા ઓથોરાઈઝ ડિલર/એજન્સી ભાગ લઈ શકશે અને તેઓએ સંમતિપત્ર સાથે અધિકૃતતાનું પ્રમાણપત્ર/પત્ર પણ સામેલ કરવાનું રહેશે. આ સિવાય અન્ય કોઈની સંમતિ ધ્યાને લેવામાં આવશે નહિ.
(૫) આ કામે ઉપરોકત દર્શાવેલ દરો GST સિવાયના છે. સરકાર ધ્વારા નકકી કરાયેલા પ્રવર્તમાન GST દરો અનુસાર GST અલગથી ચુકવવામાં આવશે. (જો SMC ના એકાઉન્ટ વિભાગ / SMC ના GST સલાહકારના અભિપ્રાય મુજબ લાગુ પડતો હોય તો) કામ દરમ્યાન GST દરોમાં આવેલા કોઈપણ ફેરફાર માટે કોન્ટ્રાકટર હમેંશા બંધાયેલા રહેશે. GST માટે ચુકવણી (જો લાગુ પડતું હોય તો) ફકત લાગુ રકમ સરકારી પોર્ટલ પર પ્રતિબિંબિત થયા પછી જ જારી કરવામા આવશે. લાગુ GST દરો અંગે SMC ના એકાઉન્ટ વિભાગનો નિર્ણય અંતિમ રહેશે.

-Sd-
કાર્યપાલક ઈજનેર
સાઉથઝોન–એ(ઉધના)
સુરત મહાનગરપાલિકા